ક્રમાંક: બમશા/મા-૨-ધ-૯૦-૯૧/
૪૭૪૯-૭૨,
ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક-૧૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
તા. ૧૬/૫/૧૯૯૦.

પ્રતિ,
શ્રી એસ. બી. માંડલિક,
જિલ્લા શિક્ષણાધિકારી,
રાજકોટ જિલ્લો રાજકોટ.

વિષય : અ. જાતિ, અ. જનજાતિ, સામાજિક અને શૈક્ષણીક પછાતવર્ગો તેમજ શારીરિક ખોડખાંપણવાળા વર્ગો માટે બિનસરકારી માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અનામત જગ્યાઓ રાખવા બાબત...

સંદર્ભ ૧: સામાન્ય વહીવટ વિભાગના ઠરાવક્રમાંક: પવસ/૧૧૮૩/૮૨૫/
ગ-૩/તા. ૨૨-૪-૧૯૮૩.
૨: સામાન્ય વહીવટ વિભાગના ઠરાવક્રમાંક: પવસ/૧૫૮૨/૫૭૧/:
ગ-૩-સાધવાણી તા. ૨૧-૧-૮૬.
૩: સામાન્ય વહીવટ વિભાગના ઠરાવક્રમાંક: પવસ-૧૧૮૯-૧૪૩૦-ગ
-૩-તા. ૫-૭-૮૯.

૧: ઉપર્યુક્ત વિષયને લગતા સંદર્ભ-૧ વાળા ઠરાવના પારા-૨: ની જોગવાઇ સરકારી અનુદાન મેળવતી બીનસરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને લાગુ પડે છે તેથી તેનો અમલ કરવાનો રહે છે. સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભ: ૨: અને :૩: વાળા ઠરાવોથી થયેલ સુધારા-વધારા મુજબ અનામતની જોગવાઇઓ લાગુ પાડવામાં આવેલ છે.

૨: સામાન્ય વહીવટ વિભાગના તા. ૫-૭-૮૯ના ઉપરોક્ત ઠરાવથી તમામ બિનસરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં બેકલોગની જગ્યાઓ ભરવા માટે તથા જ્યાં સુધી અનામત જગ્યાઓ ભરવામાં ન આવે :બેકલોગ: ત્યાં સુધી અન્ય જગ્યાઓ નહિ ભરવા તથા રોસ્ટરપોઇન્ટ લાગુ પાડવાના હુકમો કરવામાં આવેલ છે.

૩: સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૧-૧-૮૬ના ઉપર્યુક્ત ઠરાવથી વર્ગ-૩ની જગ્યાઓ માટે રાજ્યમાં દરેક જિલ્લામાં અ. જાતિ તેમજ અ. જનજાતિની વસ્તીને ધ્યાનમાં લઇ અનામતની ટકાવારી નક્કી કરવામાં આવેલી છે. જેની નકલ આપને મોકલી આપવામાં આવેલ છે. :ત્વરિત સંદર્ભ સારૂ પત્રક સામેલ છે.: આ ઠ ટકાવારી મુજબ દરેક જિલ્લામાં અનુસુચિત જાતિ અને અનુ. જનજાતિની તથા બક્ષીપંચની જગ્યાઓની બિનસરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ભરવાની થાય.. તેનો અમલ શૈક્ષણીક વર્ષ ૧૯૯૦-૯૧ થી કરવાનો રહેશે.

૪: સને ૮૯-૯૦ના વર્ષ દરમ્યાન કે અગાઉની ખેંચાતી આવતી અનામત જગ્યાઓ ભરવા માટે તે તે શાળાની જરૂરીયાત મુજબ જિલ્લા શિક્ષણાધિકારીએ એન. ઓ. સી. આપેલ હોય પરંતુ યોગ્ય ઉમેદવારો ઉમેદવારોના અભાવે આવી જગ્યાઓ ભરી શકાઇ ન હોય તેમના

...૨/-

કિસ્સામાં ટકાવારીનું ધોરણ-૭ ટકા, ૧૪ટકા, ૧૦ટકા અને ૪ટકા મુજબનું રહેશે. તે મુજબની ભરવાની થતી જગ્યાઓ જે તે શાળાએ પ્રથમ ભરી દેવાની રહેશે.

૫: સને ૯૦-૯૧ ના શૈક્ષણિક વર્ષમાં વર્ગ વધારાને કારણે કે અન્ય કારણે ખાલી પડતી જગ્યાઓ કે નવી શાળાઓના કિસ્સામાં અનામત જગ્યાઓની ટકાવારી તા. ૨૧।૧।૮૬ ના ઠરાવથી જિલ્લાવાર લાગુ પાડયા મુજબની રહેશે.

૬: જે શાળામાં હાલના સ્ટાફમાં ક્વોટા મુજબની અનામત જગ્યા ભરવામાં આવેલી ન હોય તે શાળામાં બધી જગ્યાઓ રોસ્ટરમાં આમેજ કરી જે પોઇન્ટ આવતો હોય તે પ્રમાણે ભરતી કરવાની રહેશે.

૭: જે શાળામાં ક્વોટા મુજબની ખાસ કરીને અ.જાતિ, અ.જનજાતિની જગ્યાઓ કરતાં વધુ જગ્યાઓ ભરાયેલી હોય અને તે પૈકીના કોઇ શિક્ષકની જગ્યા ખાલી પડે તો તે વધારાની જગ્યા અનામત ઉમેદવારથી જ ભરવી તેવું જરૂરી નથી.

૮: દરેક શાળાને શૈક્ષણિક વર્ષ ૯૦-૯૧ થી તા. ૨૧-૧-૮૬ ના ઠરાવ મુજબ રોસ્ટર લાગુ પડશે. તે મુજબ અનામત જગ્યા માટે રોસ્ટર પોઇન્ટ નક્કી કરવાના રહેશે અને તે મુજબ જે તે કેટેગરીના ઉમેદવાર અનામત જગ્યા ભરવાની રહેશે. દરેક જિલ્લા માટે સો પોઇન્ટર રોસ્ટરમાં નક્કી થયેલા ક્રમ મુજબ જે તે કેટેગરીની જગ્યા ભરવાની રહેશે.

૯: જે શાળામાં આજ લાગી એક પણ જગ્યા ખાસ કરીને અનુસૂચિત જાતિ કે જનજાતિ ના ઉમેદવારથી ભરવામાં આવેલી નથી તેમના કિસ્સામાં સને ૯૦-૯૧ ના વર્ષ માટે રોસ્ટરપોઇન્ટ નક્કી કરવા માટે શાળાની હાલની:            :જગ્યાઓને ગણતરીમાં લઇને રોસ્ટર પોઇન્ટ મુજબ જગ્યાઓ ભરવાની રહેશે.

૧૦: ખાતાના ધ્યાન પર આવેલ છે કે બિનસરકારી માધ્યમિક। ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ખાસ કરીને અનામત જગ્યાઓ ભરવાની થતી હોય છે ત્યારે જાહેરાતમાં બી.એ.:અંગ્રેજી: બી.એડ.:અંગ્રેજી: કે સંસ્કૃત અથવા બી.એસ.સી.:મેથ્સ કે ફિઝીક્સ: બી.એડ. કે એમ.એ :બીજો વર્ગ: એમ.એસ.સી.બી.એડ.:બીજો વર્ગ. જેવા વિષયોની લાયકાતો જણાવવામાં આવે છે. પછાતવર્ગોમાં આવા ઉમેદવારો સરળતાથી ઉપલબ્ધ થતાં નથી તેથી પણ ઘણીખરી અનામત જગ્યાઓ ભરાઇ શકતી નથી. આથી શાળાની દરખાસ્ત ગમે તે વિષયની હોય

જિલ્લા શિક્ષણાધિકારી શાળાના શિક્ષકોની લાયકાતો, શીખવતા વિષયો અને કાર્યબોજને ધ્યાનમાં લઇને જે વિષયો નક્કી કરે તે મુજબના ઉમેદવારથી જગ્યા ભરવાની રહેશે. અને જિલ્લા શિક્ષણાધિકારીનો નિર્ણય જે તે શાળાના સંચાલકોએ માન્ય રાખવાનો રહેશે.

૧૧: વર્ગ-૪ માટે તા. ૨૨-૪-૮૩ ના ઠરાવથી નક્કી થયા મુજબ અનામત જગ્યાઓ ભરવાની રહેશે. પત્રક સામેલ છે.:

૧૨: રાજ્યમાં આવેલ તમામ બિનસરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અનામતની ટકાવારી જળવાઇ રહે તે માટે ઉપર આપેલ સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧૩: જે શાળામાં આ સૂચનાઓ મુજબ અમલ કરવામાં ન આવે અને અનામત જગ્યા ભરવામાં ન આવે તેવી શાળાના કિસ્સામાં તેવી જગ્યા પર નિમાયેલ બિનઅનામત કેટેગરીના શિક્ષકનો પગાર ગ્રાંટ માટે અમાન્ય ગણવામાં આવશે એટલુંજ નહિ તેના ભંગ માટે જિલ્લા શિક્ષણાધિકારી શાળાની વિરૂધ્ધ ગ્રાન્ટ કાપના પગલાં પણ લેશે.

સહી/-
: સુરેશ દા. શર્મા:
ઉચ્ચ શિક્ષણ નિયામક,
ગુ. રા. ગાંધીનગર.

::::::::

ક્રમાંક: માધ્યા/બ-૧/ 3254-3454
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
વઢવાણનો ઉતારો, કસ્તુરબા માર્ગ,
રાજકોટ, તા. ૨૩/૫/૯૦.

પ્રત રવાના:- અમલ માટે

તમામ બિનસરકારી માધ્યમિક શાળાઓ તરફ..

(સહી)
જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ